


વર્ષ ૩ અંક ૭
શ્રીઇન્દિરા એકાદશી વ્રત
ભાદરવા વદ ૧૧, ૨૦૬૬

અનુક્રમણિકા

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના





राग कान्हरो

मन वल्लभमें वल्लभ मनमें आलि एसेही एसे जीजे ।

कबहु आँखिन व्है के द्वारे कबहु आँखिन भीतर लीजे ।। १ ।।

आठो जामैं जात हैं यों ही वल्लभ वल्लभ वल्लभ कीजे ।

रोम रोम रमी रहे प्रानवल्लभ वृन्दावन एसे भाँति रही जे ।। २ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વે શ્રીગોકુલેશ ચરણશરણાનુરાગી સેવકોની એક વિલક્ષણ ઓળખાણ છે અનન્યાશ્રય અને સ્વરૂપાસક્તિ. શ્રીગોકુલેશ પ્રભુચરણની સૃષ્ટિનો સમાનાર્થક અર્થ છે. અહર્નિષ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખે શ્રીમહાપ્રભુની વાણી પ્રગટ થતી. જે વાણીને આપણે આજે સર્વ સામાન્ય વૈષ્ણવ સમાજ ૮૪, ૨૫૨ વૈષ્ણવોની વાર્તા, નિજ-ઘરુ વાર્તાના રૂપે નિત્ય સત્સંગમાં રસપાન કરે છે. સાથેજ આપશ્રીના અનન્ય ભક્તોએ જે જે પ્રશ્નો આપશ્રીના સન્મુખ કરતાં, તેનો પ્રતિઉત્તર હાસ્યામૃત પ્રગટ થયાં છે.

આપશ્રીએ શ્રીમહાપ્રભુજીના અનેક ગ્રંથોના ગૂઢાર્થને સરળ કરી સમજાવવા ટીકા પ્રગટ કરી છે. જેમાં ભક્તિવર્ધિની ગ્રંથની ટીકા વિલક્ષણ છે. શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિની ગ્રંથના પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરે છે કે :-

यथा भक्तिः प्रवृद्धा स्यात् तथोपायोनिरूप्यते ।

बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ।। १ ।।

જે રીતે પ્રભુમાં ભક્તિ વૃદ્ધિ પામે, તેવો ઉપાય શ્રીમહાપ્રભુજી અત્રે બતાવે છે. ભક્તિના બીજ રૂપ શ્રીપ્રભુકૃપાથી મળેલ ભાવ દ્રઢ થાય તો પ્રભુના સંબંધ વિનાના શ્રવણ-કીર્તનના ત્યાગથી ભક્તિ વૃદ્ધિ પામે છે. આપશ્રી દ્વારા પ્રદાન કરેલ આજ્ઞા ખૂબજ સરલ રીતે સમજાય છે. પણ જ્યારે આપણે એક એક શબ્દો પર ધ્યાનથી વિચાર કરીએ ત્યારે આપણને તે શબ્દોમાં રહેલ રહસ્યોને મહાનુભાવ આચાર્યો દ્વારા પ્રગટીત ટીકાથી સમજાય. શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુ અત્રે બીજભાવનો અર્થ સમજાવે છે. કારણકે બીજભાવ જો માર્ગાનુરૂપ હશે, તો જ પુષ્ટિભક્તિમાર્ગ ફલિત થશે. શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે જે સાધનથી શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલ સ્વમાર્ગરૂપા ભક્તિની ઘણી વૃદ્ધિ થાય છે, તથા તે ઉપાય દ્વારા સાધનનું નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

આ વચન કહીને શ્રીગોકુલેશ પ્રભુ આપણને સ્પષ્ટરૂપે નિર્દેષ કરે છે કે આ પુષ્ટિભક્તિમાર્ગ જે છે, તે કેવળ અને કેવળ શ્રીમહાપ્રભુની આજ્ઞાને નિયામક છે, કારણકે આપશ્રી દ્વારા પ્રવર્તિત આ માર્ગરૂપા ભક્તિ છે. જ્યારે આપણે આટલું સમજી ગયા છીએ કે આ માર્ગના નિયામક શ્રીમહાપ્રભુજી છે, તો પછી આ માર્ગમાં ભક્તિ ફલરૂપા ક્યારે થાય, તેવા ઉપાય પણ શ્રીમહાપ્રભુજીએ આગળ બતાવ્યા છે. આ ભક્તિ ફલરૂપા ત્યારે થાય, કે જ્યારે જીવનો બીજભાવ દ્રઢ થાય ત્યારે ભક્તિ ફલરૂપા બને છે.

માર્ગ શ્રીમહાપ્રભુજીનો, તો પછી કૃપા પણ શ્રીમહાપ્રભુજીની જ હોય. અને જો ભક્તિરૂપા ફલને પ્રાપ્ત કરવું છે, તો પછી ભક્તિ અનુરૂપ બીજભાવ દૃઢ થવો જોઇએ. તો તે કેવી રીતે થાય? શ્રીગોકુલેશ પ્રભુ ખૂબજ સુંદર આજ્ઞા કરે છે, **आचार्यस्तु स्व-प्रकटित-शुद्ध-पुष्टिमार्गीय-भक्ति-निरूपणं कर्तुं, तस्याश्च मर्यादा-भक्ति-वैलक्षण्यं ज्ञापयितुं तत्साधनानि तत्फलं च वक्तुं तत्साधनानां तत्फलस्य च वैलक्षण्यं वक्तुं भिन्नतया स्वमार्गीयां भक्तिं तद्वृद्धि-प्रकारसाधनं च निरूपयन्ति....**। અત્રે શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે જે આચાર્ય (શ્રીમહાપ્રભુજી) દ્વારા સ્વયં પ્રગટ કરેલ શુદ્ધ-પુષ્ટિમાર્ગીય ભક્તિ છે, તે ભક્તિને ફલરૂપા બનાવી છે, તે મર્યાદામાર્ગીય ભક્તિથી વિલક્ષણ છે, તેના સાધનો દ્વારા, તેના ફલ દ્વારા.

હવે શ્રીગોકુલેશ પ્રભુ બીજભાવના સ્વરૂપને સમજાવવા આજ્ઞા કરે છેઃ **अत्र बीजभावस्वरूपं [१]<u>शुद्धपुष्टिमार्गीयाचार्यानुग्रहपूर्वकं [२]स्वमार्गप्रकारकभगवन्निवेदनानन्तरं [३]भगवदङ्गीकार</u> एव बीजभावः। तस्य दार्ढ्यं निरन्तरं तद् <u>एकपरतया</u> तन्मार्गस्थितिः। तु शब्देन मार्गान्तरीयसाधनव्युदासः।** કેટલી સુંદર આજ્ઞા શ્રીગોકુલેશ પ્રભુચરણ અત્રે કરી રહ્યાં છે કે બીજભાવનું સ્વરૂપ કેવું છે? તો ત્યાં આપશ્રી ત્રણ લક્ષણ પ્રગટ કરે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રથમ તો તે જે જીવ આ માર્ગમાં આવ્યો છે, તેને માટે તો આ જરૂરી છે કે તે [૧]શુદ્ધ-પુષ્ટિમાર્ગીય આચાર્ય(શ્રીમહાપ્રભુજી)ના અનુગ્રહ દ્વારા, [૨]સ્વમાર્ગના (શ્રીમહાપ્રભુજીના માર્ગના) પ્રકાર દ્વારા ભગવન્ નિવેદન કર્યા બાદ, [૩]ભગવાન જો અંગીકાર કરે ત્યારે તે બીજભાવ કહેવાય. કેટલી સુંદર આજ્ઞા આપણને પ્રાપ્ત થાય છે. બીજભાવ દૃઢ કરવો છે.

બીજભાવના સ્વરૂપને સમજવા કરવા માટે આટલા લક્ષણો આવશ્યક છે. પણ દૃઢ કેવી રીતે કરવો? ત્યાં શ્રીગોકુલેશ પ્રભુચરણ આપણને સુંદર આજ્ઞા પ્રદાન કરે છે કે આપણે આ માર્ગમાં સ્થિર સ્થિતિ પામવી હોય અને બીજભાવને વૃદ્ધિની સાથે દૃઢ કરવો હોય તો પછી આપણે **<u>एकपरतया</u>** થઇ રહેવું જોઇએ. જેને શરણે ગયા, તેનું કેવળ એક માત્ર શરણ સ્વીકારવું જોઇએ, અન્યનો નિરાસ થાય છે.....શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે **तन्मार्गस्थितिः** શ્રીમહાપ્રભુજીના માર્ગમાં સ્થિતિ પામવી હોય તો નિરંતર એક જ શરણ સ્વીકારવું. અન્ય માર્ગ-શરણ-સાધનનો નિરાસ બતાવવામાં આવ્યો છે.

એટલે જ આપણે સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગીજનોમાં **<u>एकपरतया</u>** રૂપે કેવળ અને કેવળ ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુના પરત્વ (શરણ) પ્રાપ્ત કરે છે, અને એ દ્વારા **तन्मार्गस्थितिः** શ્રીમહાપ્રભુજીના માર્ગમાં સ્થિર **दार्ढ्यं** દૃઢ સ્થિતિ પ્રાપ્ત કરીએ છીએ. આજ આપણી અનન્યતા. આપણા શ્રીગોકુલેશ પ્રભુના ગૃહમાં આજ અનન્યતા આજે પણ યથાર્થ સ્વરૂપે જોવા મળે છે. આ અનન્યતા કોઇને વાડાબંધી લાગતી હોય તો પછી ઉપરોક્ત સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના વચનોને ધ્યાનથી અવલોકન કરવું, સમજવું અને પછી ગંભીરતાથી વિચારીને વ્યર્થાલાપ બંધ કરી દેવો જોઇએ. કારણકે જો શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત માર્ગમાં સ્થાન પ્રાપ્ત કરવું છે, તો બીજભાવ દૃઢ કરવો જરૂરી છે, અને જો બીજભાવ દૃઢ કરવો હોય તો છી તે જીવે કેવલ એકને આધિન થઇ રહેવું પડશે.

આપણે સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ આજ અનન્યતાને અનુસરીએ છીએ. તેથીજ આપણે કેવલ ને કેવલ શ્રીગોકુલેશ પ્રભુને અનુસરીએ છીએ. આપશ્રીને પ્રિય એવા દંડાકાર તિલકને ધારણ કરીએ છીએ, અને આપશ્રીના અનન્ય સ્વરૂપાસક્ત ભક્તો દ્વારા ઉદ્ગાર પામેલ જય જય શ્રીગોકુલેશ ભગવદ્ સ્મરણ સદૈવ કરીએ છીએ. આજ અનન્યતા, અને તે દ્વારા તન્માર્ગ (શ્રીમહાપ્રભુજીના માર્ગ)માં સ્થિર સ્થિતિ, અને દૃઢ બીજભાવ દ્વારા ફલ પ્રાપ્તિ.....

આ પખવાડીયામાં શ્રીમાન્ મહાપ્રભુના જ્યેષ્ઠાત્મજ શ્રીગોપીનાથ પ્રભુચરણનો પ્રાગટ્યોત્સવ (સં.૧૫૬૭), તૃતીય શ્રીવિઠ્ઠલરાજકુમાર શ્રીબાલકૃષ્ણજીનો પ્રાગટ્યોત્સવ (સં.૧૬૦૬) અને નવવિલાસ, વિજયા દશમી (દશૈરા)ની વધાઇ.

ભાવત્ક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ ભાદરવા વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ આસો સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

ઓક્ટોબર ૪, ૨૦૧૦ થી ઓક્ટોબર ૧૭, ૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ - ભાદરવા વદ	સોમ	ઓક્ટોબર-૪	**શ્રીઇન્દિરા એકાદશી વ્રત**
૧૨	મંગળ	૫	શ્રીમાન્ મહાપ્રભુના જ્યેષ્ઠાત્મજ શ્રીગોપીનાથ પ્રભુચરણનો પ્રાગટ્યોત્સવ (સં.૧૫૬૭)
૧૩-૧૪	બુધ	૬	તૃતીય શ્રીવિટ્ઠલરાજકુમાર શ્રીબાલકૃષ્ણજીના પ્રાગટ્યોત્સવ (સં.૧૬૦૬). સાંઝી સંપૂર્ણ
૩૦	ગુરુ	૭	સર્વપિતૃ (અમાવસ)
૧-આસો સુદ	શુક્ર	૮	આજથી શ્રીપુષ્ટિ પુરુષોત્તમ નવવિલાસ પ્રારંભ
૨	શનિ	૯	
૩	રવિ	૧૦	
૪	સોમ	૧૧	
૫	મંગળ	૧૨	
૬	બુધ	૧૩	
૭	ગુરુ	૧૪	
૮	શુક્ર	૧૫	
૯	શનિ	૧૬	
૧૦	રવિ	૧૭	વિજયા દશમી (દશૈરા)

પરલોકને માટે, ભગવાનની કૃપા માટે, બીજા અર્થ માટે, ભક્તિ સિવાય અથવા ભગવાન સિવાય જેઓને બીજું (સાધન) નથી (તેવો અનન્ય છે)

(શ્રીસુબોધિનીજી ૩.૨૫.૪૦)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

જન્માષ્ટમી નિર્ણય અને શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર

...ગતાંકથી આગળ

વાદ :-

પ્રબોધ સરસ્વતી :- વ્રત આજે કેમ કર્યું ? અને તે કઇ સંમત્તિ અથવા કયા મતને અનુસાર છે ?

દામોદરદાસ :- તમે કાલે જે વ્રત કરવાના છો એ કોના મત પ્રમાણે છે ?

પ્રબોધ સરસ્વતી :- શ્રીમાધવાચાર્ય મત પ્રમાણ છે કે અપ્રમાણ ?

દામોદરદાસ :- શ્રીમાધવાચાર્યના મત પ્રમાણે માતુલ (મામા)ની કન્યા લઇ શકાય છે તો એ પ્રમાણે આજે કેમ નથી લેતા ? એ બાબતમાં એ મત અપ્રમાણ છે એમ છતાં 'કન્યા ક્યાં દેવી ?' એ બાબતમાં એ મત હાલ પણ પ્રમાણ ગણાય છે, તેથી માધવાચાર્યજીનો મત નથી પ્રમાણ કે નથી અપ્રમાણ. શાસ્ત્રના વિચારથી બલાબલ જોતા નક્કી થાય તે જ પ્રમાણ. 'વેધા ત્યાજ કરે તે વૈષ્ણવ'. એવા અનેક વચન છે. માટે નવમી છોડી શુદ્ધ અષ્ટમીનું વૈષ્ણવોએ વ્રત કરવું જોઇએ. જો સૂર્ય ઊગતાં કિંચિત્ પણ અષ્ટમી હોય ને બાકીનો દિવસ નોમનો હોય તો પણ એ દિવસે અષ્ટમીનું વ્રત કરવું જોઇએ. વળી જયંતી તથા વ્રત એક નથી. જયંતી કામિક વ્રત છે ને એ ન કરનારને પ્રત્યવાય નથી, પણ જન્માષ્ટમી નિત્ય છે અને એ ન કરનારને પ્રત્યવાય છે.

આવી રીતે જયંતી તથા જન્માષ્ટમીના વ્રતોનું તારતમ્ય બતાવી સર્વ સભાની સમક્ષ ખરો વૈષ્ણવ સિદ્ધાંત પ્રમાણ કર્યો અને સેવક દ્વારા સર્વ વાદીને નિરુત્તર કર્યા. આ સ્થાને કોઇ શંકા ઉઠાવે કે શ્રીગિરિધરજી અથવા શ્રીગોકુલેશ પ્રભુ પોતે સભામાં કેમ ન બોલ્યા ? આનું કારણ તો એટલું જ હતું કે ગૃહસ્થે સંન્યાસીનો કોઇ પ્રકારે વધ કરવો નહિ એવી શાસ્ત્રની આજ્ઞા છે અને શ્રીગોકુલેશ પ્રભુ પોતે ધર્મના સેતુ તથા રક્ષક હતા એટલે વર્ણાશ્રમ ધર્મની મર્યાદા જાળવવા પોતે સંન્યાસી સાથે વાદ કરી એનું સભામાં માન ખંડિત કરવાનું ઉચિત ધાર્યું નહિ, કારણકે કોઇને સભામાં માનભંગ કરવો એ શાસ્ત્ર પ્રમાણે **अशस्त्र वध** કહેવાય છે, પરંતુ બીજી તરફથી વૈષ્ણવમતનું રક્ષણ કરવાનું હતું અને એને માટે વાદ કર્યા સિવાય સિદ્ધિ નહોતી તેથી એ ચતુરશિરોમણિએ અગાધ બુદ્ધિ વાપરી, સ્વસેવક દ્વારા સભા જીતી સર્વ મતોની મર્યાદા સાંચવી.

સભાવિસર્જન :-

વળી આ સિવાય સેવક પાસે વાદ કરાવવાનું બીજું કારણ એ હતું કે બીરબલ સેવક થઇ સ્વામીથી વિમુખ થયો અને અન્યાશ્રય તથા અન્ય સંબંધ કર્યો, પણ પુષ્ટિ પ્રભુ સદા સર્વદા શરણસ્થ જીવોનું હિત જ કરે છે તેથી એને ગુરુના અપરાધમાંથી મુક્ત કરવા વૈષ્ણવ દ્વારા શિક્ષા દીધી, કારણકે ગુરુનો અપરાધ થયો હોય તો ભગવદીય દ્વારા એમાંથી મુક્ત થઇ શકાય એવો એતન્માર્ગનો સિદ્ધાંત છે. અહીં બીરબલને સભામાં થયેલી પોતાના મતની હાર એ શિક્ષા હતી અને એ શ્રીગોકુલેશ પ્રભુએ પોતે ન કરતાં સેવક દ્વારા કરાવી. નિર્ણય થઇ રહેતાં પાદશાહ શ્રીગિરિધરજી અને શ્રીગોકુલેશ પ્રભુને માન સાથે વળાવી સભા વિસર્જિત કરી પોતાને મુકામે ગયો. શ્રીગુસાંઈજીએ મથુરા આવી સમાચાર સાંભળ્યા ત્યારે એમને અત્યાંનદ થયો...પછી 'જન્માષ્ટમી નિર્ણય' નામનો ગ્રંથ પ્રગટ કરી શ્રીગોકુલેશ પ્રભુએ સર્વના સંદેહ ટાળ્યા.

શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર :-

સં.૧૬૨૩માં શ્રીગુસાંઈજી ઘરનાં સેવ્ય સ્વરૂપોની સેવાનો કારભાર શ્રીગોકુલેશ પ્રભુને સોંપી દ્વારકા પધાર્યા. એવામાં ફાગણ વદિ ૭ના રોજ શ્રીગોવર્ધનનાથજી શ્રીગુસાંઈજીના ત્યાં પરોણાચારે પધાર્યા. આ પ્રમાણે શ્રીગોવર્ધનનાથજીના અચાનક પધાર્યાની ખબર પડતાં શ્રીગિરિધરજી સામા લેવા માટે પધાર્યા, પણ શ્રીગોવર્ધનનાથજી તો પાછળની ભીંત તોંડી મંદિરમાં પધાર્યા. આ સમય વસંતનો હતો અને તેથી શ્રીગોવર્ધનનાથજીના પધાર્યાની ખબર સાંભળતાં વહુ, બેટી, સર્વે બાલકો વગેરે સર્વના મનમાં પોતાના પ્રાણ પ્રભુને ખેલાવવાનો અમૂલ્ય લાભ મળવાનો આનંદ એવો જ ઉત્સાહ પ્રગટ થયો.

શ્રીગોકુલેશ પ્રભુ, સર્વ પરિવારજનો તથા સેવક વર્ગ શ્રીગોવર્ધનનાથજીને વસંત ખેલાવવા માટે એટલાં તો આતુર અને અધીરાં થઇ ગ્યાં કે, જો કે માર્ગની પ્રણાલિકા પ્રમાણે ખેલનો સમય રાજભોગ સર્યા પછી હોય છે તો પણ શ્રીગોવર્ધનનાથજી પધાર્યા એ વખતે રાજભોગની વાર હોવાથી રખેને પોતે પાછા પધારી જાય એવા ભયથી શ્રીગોકુલેશ પ્રભુએ રાજભોગ ધરતાં પહેલાં આપને ખેલમાં પધરાવ્યા અને ખેલ થઇ રહ્યા પછી રાજભોગ ધર્યો. આ પ્રમાણે સર્વની આર્તિ તેમ પ્રેમભાવ જોઇ શ્રીગોકુલેશ પ્રભુએ પ્રસંગ બદલ્યો. શ્રીગોવર્ધનનાથજીની કેવળ પ્રેમથી સેવા કરી તેમાં એ દ્વારા સ્વજનોને ખરો પ્રેમધર્મ સૂચવ્યો કે :-

शास्त्रं नियामकं तावद् यावत्पूर्णा कृपा न ते ।

અર્થ :- જ્યાં સુધી પ્રભુની પૂર્ણ કૃપા હોતી નથી ત્યાં સુધી શાસ્ત્રના (રૂઢિ અને આચારના) નિયમો નિયામક છે. (**सेवाकृतिर्गुरोर् आज्ञा बाधनं वा हरीच्छया**) પણ જ્યાં એ કૃપા થઇ, હ્રદયમાં પ્રેમાવેશ થયો એટલે સર્વ નિયમો વ્યર્થ છે. આવા પરમ કૃપાળુ અને પ્રેમી ભક્ત જાણી જોઇને શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી, પરંતુ એમની દેહાનુસંધાન રહિત દશામાં અને પ્રેમના પૂર્ણ આવેશમાં એઓને એનું ભાન જ નથી. આવી રીતે સેવ્ય સ્વરૂપ અને એમના સુખનો વિચારોમાં લીન થઇ પોતાની સર્વ એકાદશ ઇન્દ્રિય તન્મય થાય એ જ એતન્માર્ગનું સર્વોત્કૃષ્ટ ફલ છે, પણ જો સામાન્ય મનુષ્ય દેખાદેખીથી આવા પરમ કૃપાળુ ભક્તોનું સ્વાર્થદ્રષ્ટિથી અનુકરણ કરે તો એમને તો એ અપરાધ ભોગવવો જ પડે.

શ્રીગોકુલેશ પ્રભુએ કરેલી સેવા :-

શ્રીગોવર્ધનનાથજી ૨ માસ ને ૨૧ દિવસ મથુરામાં બિરાજ્યા અને એમને શ્રીગોકુલેશ પ્રભુ નિત્ય અનેક પ્રકારના નૌતમ ભોગ-રાગ સમર્પતા. આ સમય શ્રીગોવર્ધનનાથજીની સેવામાં સર્વ પરિવારજનો અને વહુ-બેટીઓ એટલું સુખ પામ્યાં અને સર્વને એવો આનંદ થયો કે કોઇ એ દિવસ 'ઊગ્યો જાણ્યો નહિ'. અષ્ટ પ્રહર સેવામાં જ જતા. શ્રીગુસાંઈજીને જ્યારે શ્રીગોવર્ધનનાથજીના પોતાને ત્યાં પધાર્યાના સમાચાર દ્વારકામાં મળ્યા ત્યારે એમણે પરિવારજનોને પત્ર દ્વારા સૂચિત કર્યું કે કાંઇ સંકોચ કરશો નહિ, તમારાથી બને એ કરજો. આ પ્રમાણે સેવા કરી શ્રીગુસાંઈજીના પરિવારજનોએ સ્વજનોને-સ્વસેવકોને સેવકધર્મનું રહસ્ય બતાવ્યું.

ઇતનો ધર્મ અસાધારણ તે તદીયક્તાએ કહીયજી; પોતાના પ્રભુની સાથે કરવું એણી ભાંત્ય રહીયજી.

આ પ્રમાણે શ્રીગુસાંઈજી બાવાના પરિવારજનોની અસાધારણ સેવાનો અંગીકાર કરી શ્રીગોવર્ધનનાથજી સં.૧૬૨૩ના વૈશાખ કૃષ્ણ ૧૪ના રોજ શ્રીઠાકોરદ્વાર (શ્રીગિરિરાજ પર) પધાર્યા.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાકસુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું ત્રેવીસમાં નામ **सद्रूपो**[२३] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ વલ્લભાખ્ય આ નામની પ્રતીતિ થાય છે. **बहूनि सन्ति नामानि रूपाणि च सुतस्य मे गुणकर्मनिरूपाणि तान्यहं वेद नो जनाः (१०.२६.१८)**

શ્રીગુસાંઈજી દ્વારા પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. આપશ્રી અલૌકિક અગ્નિ સ્વરૂપ છે, તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું ત્રેવીસમું નામ **सद्रूपो**[२३] પ્રગટ કર્યું.

લોકમાં પ્રિય તો સુખ છે અને સ્ત્રી-પુત્ર વગેરે જે પ્રિય હોય છે. તે ક્યારેક ક્યારેક સુખ ઉપજાવે છે તેથી જ પ્રિય હોય છે. પરંતુ સુખરૂપ તો નથી. તેથી ક્યારેક અપ્રિય પણ બને છે. અને શ્રીમહાપ્રભુજી તો શ્રીઠાકોરજીના મુખારવિન્દરૂપ સચ્ચિદાનંદ સુખરૂપ છે. તેથી જ શ્રીમહાપ્રભુજી આપ હંમેશા પ્રિય છે. આ બતાવવા માટે ત્રેવીસમું નામ શ્રીગુસાંઈજીએ પ્રગટ કર્યું.

હવે કોઈક એમ કહે છે કે, સેવકોને પોતપોતાના ભાવ વડે જુદા-જુદા મનોરથ થતા હશે, ત્યારે જે સેવકનો મનોરથ પૂર્ણ થયો નહીં હોય તે સેવકને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં પ્રીતિ ઘટતી હશે ? આવી શંકા જ્યારે કોઈ વાદીને થાય, ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું ચોવિસમું નામ પ્રગટ કરવા પ્રેરિત થાય છે અને આપશ્રી આ ચોવિસમું નામ **हितकृत्-सताम्**[२४] પ્રગટ કરે છે.

वैश्वानरो[२१] **वल्लभाख्यः**[२२] **सद्रूपो**[२३] **हितकृत्-सताम्**[२४] ।।
जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५] **निखिलेष्टदः**[२६] ।। १२।।

ભાવાર્થ :- [२१]શ્રીમહાપ્રભુજી આપ વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો, [२२]ભક્તોને પ્રિય છો, [२३]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો, [२४]સર્વે ભક્તોના હિત કરવાવાળા છો, આપ સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે, [२५]સકલ ઇષ્ટ-વાંછિત દેવાવાળા છે.

हितकृत्-सताम्[२४]:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) સર્વે ભક્તોના હિત કરવાવાળા છો.

રાગ : ઇમન

હિતકૃતસતાં વિનતી સુનહુ હમારી ।
કાલવ્યાલકી સત્વર ગતિ દેખિ ભય ઉપજત હૈ ભારી ।। ૧ ।।
બિન સાધન ઉદ્ધરે અનેક જન મન વચન કર્મ નિરધારી ।

તજિ નિજ ધામ અવનિતલ પ્રગટે અપની પ્રતિજ્ઞા પારી ।। ૨ ।।
તિહારૌ નામ ઉચ્ચારે કિયેતૈ કટત કોટિ જંજારી ।
'ગોવિન્દ' જન માંગત હૈ અંધ્રરજ નહિં ચાહત સંસારી ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી, સર્વે ભક્તોના હિત કરવાવાળા **हितकृत्-सताम्**[२४] છો.

મૂળ ટીકાનો ભાવાર્થ :- પહેલાના નામમાં સદ્રૂપ કહીને સચ્ચિદાનંદરૂપ તરીકે (આચાર્યશ્રી) અનંત આનંદરૂપ હોવાથી ભક્તોને સદા પ્રિય છે એમ સિદ્ધ કર્યું, છતાં પણ પ્રિય પ્રતિ પોતાના સ્વભાવને અનુસરી મનોરથ ઉત્પન્ન થાય તે જરુરી હોવાથી, તે પૂરો ન થવાથી ઉત્પન્ન થયેલા દુઃખથી તેમના અંશમાં પ્રિયપણાના અંશનો પણ તિરોભાવ થવાનું સંભવે. એવી શંકા દૂર કરવા **हितकृत्-सताम्** એ (નામ) કહેલું છે. **सताम्** એટલે ભક્તોને તેમના જૂદા જૂદા ભાવોના ભેદથી જુદા જુદા મનોરથો પૂર્ણ કરી, (આચાર્યશ્રી) તેમણે ઈચ્છેલું (ફલ) જ પ્રાપ્ત કરાવે છે. પરંતુ તે પ્રાપ્ત કરાવવામાં વિલંબ પણ સહન કરતા નથી એમ જણાવતાં **हितकृत्-सताम्** એ (નામ) કહેલું છે. આથી (આચાર્યશ્રી) સદા પ્રિય હોવામાં અયોગ્યતા હોવાના પૂર્વપક્ષનું ખંડન કર્યું.

સરળ સમજૂતિ :- મથુરામાં સુલતાનના યવન અધિકારીઓના વિશ્રાન્ત ઘાટ ઉપર બાંધેલા યંત્રથી સત્પુરુષોને યમુનાસ્નાન બંધ થયું. તે યંત્રને નિષ્ક્રિય બનાવી સત્પુરુષોનું હિત કર્યું.

શ્રીજગન્નાથજી પાસે પિપરી ગામના માધવદાસની પીરમાં આસક્તિ હતી. માધવદાસ સત્પુરુષ હોવાથી તેનું હિત કરવા આપશ્રી માધવદાસને ઘેર પધાર્યા. ભૂતના રૂપમાં આવી બધું ખાઇ જનાર પીરને ભસ્મ કરી માધવદાસને શરણે લીધા. **श्रीयो हि परमकाष्ठा सेवकास्तादृशा यदि** આપશ્રી **सद्रूपो** હોવાથી આપના સેવકોને પણ અલૌકિક સામર્થ્યનું દાન આપી તાદશ કરે છે. પ્રભુદાસ જલોટાએ અહિરિણીને મુક્તિ આપી. ગદાધરદાસે માધવદાસને ભક્તિ આપી. બુલામિશ્રે લાહોરના શ્રીમંત ક્ષત્રિયની ઋતુધર્મ વટાવી ગહેલ સ્ત્રીને પુત્રદાન કર્યું. માધવભટ્ટ કાશ્મિરીએ તે ગામના ધનિકના મૃતપુત્રને સજીવન કર્યો. આદિ ચરિત્રોથી પ્રત્યક્ષ થાય છે. આ રીતે પોતાના સેવકો દ્વારા પણ અન્યનું હિત કરે છે. આપશ્રી સત્પુરુષોનું આ પ્રમાણે અનેક રીતે હિત કરવાવાળા છે.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [२४]સર્વે ભક્તોના હિત કરવાવાળા **हितकृत्-सताम्**[२४] છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

–: રત્ન કણિકાઃ-

→ સ્નેહમાં સોદો નહીં, સમર્પણ જ હોય.

→ લૌકિક કામના મારે છે, જ્યારે અલૌકિક કામના તારે છે.

→ સાચો ભક્ત દુઃખને પ્રગતિનું પ્રતિક સમજે છે, અને તેથી તેમાં પણ આનંદ માણે છે.

→ રસનો સ્વભાવ જ નીમાણમાં ગતિ કરવાનો છે અને તેથી જ રસિકોમાં દૈન્ય સહજ ભાવે હોય છે.

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૪.ક્રોધ વિષે સમજ

અબ ઓર હું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે - વૈષ્ણવકો ચોથો લક્ષણ કહત હે. જો, ભગવદીયકો ક્રોધ ન કરનો. તામે કારણ યહ હૈ જો ક્રોધ હે સો ચાંડાલકો રૂપ હૈ સો જહા ક્રોધ હોય તહા ભગવદ્ધર્મ-ભગવાન ન રહે ક્રોધ હોત હે તબ ભગવદ્ આવેશ જાત રહત હે. ક્રોધતેં સઘરો અંગ કોપાયમાન હોત હે. ક્રોધ હે સો અગ્નિરૂપ હે સો ભગવદ્ ધર્મકો જરાવન વારો-નાશ કરનવારો હે. જાકો ક્રોધ બોહોત હોય સો ક્રોધાવેશ તે અંગ-અશુદ્ધ રહે. જેસે ચાંડાલ કે સ્પર્શતેં સચૈલ સ્નાન કરનો પડે-નાહીં તો હાથ પાંવ ધોને પડે તથા ૧૬ (સોલે) કુલ્લવ કરને પડે. પાછે ચરણામૃત લે તબ શુદ્ધ હોય. ક્રોધાવેશ છૂટે-આસુરાવેશ મિટે. તાતે ભગવદ્ ધર્મ ભગવદ્ સ્મરણ પવિત્ર હોય કે કરે.

ઓર ક્રોધાવેશમેં દેહ છુટે તો નરકમેં પડે તથા અધોગતિ હોય **अधोगच्छन्ति तामसाः** (શ્રીમદ્ ભગવત ગીતા ૧૪-૧૮) તામસો અતલ વગેરે અસુરોના સ્થાનમાં, નરકમાં અથવા નીચ યોનિમાં જાય છે. ઓર વિના કારણ ભગવદ્ સેવા સંબંધ વિના ક્રોધ કરે તો શ્વાન યોનિકુ પાવે. લોભ કરિકે કાહુકો દ્રવ્ય ચુરાવત હોય ઓર પૂછે તે ક્રોધ કરત હોય સો સર્પયોનિકુ પાવત હે. કોઇ વૈષ્ણવસો ઈર્ષા કરિકે ભગવદ્ સેવા-વાર્તા ભગવદ્ ધર્મ કીર્તન આદિ મેં પ્રતિબંધ કરિકે છુડાવત હે સો કુંભીપાક નર્કકો કીડા સાઠિ હજાર વર્ષ તાંઈ હોત હે. પાછે સુકર, કૂકર-શ્વાન, સર્પ ઇત્યાદિક યોનિકુ પાવે હે. તાતે ભગવદ્ ધર્મ સંબંધી વાર્તા સાવધાન રહત હુ હોય. તાસો વિઘ્ન ન કરનો. ઓર જો ક્રોધ-ઈર્ષ્યા કરિકે કાહુકે ઘરમેં અગ્નિ લગાવત હે સો તીન્યો, તાપ-પાપ કરિકે અગ્નિમેં પડત હે.

ઈર્ષા તથા ક્રોધતે કાહુકો વિષ દેત હે ઓર આપુ ખાત હે. જલમેં ડૂબત ઓર ડૂબાવત હે, શસ્ત્ર લેકે આપઘાત કરત હે સો નર્કમેં ગિરિ ભોગ કરિકે સર્પ યોનિકુ પાવત હે. ક્રોધ સહિત જે દાન કરત હે તિનસો દશ ગુણો પ્રાયશ્ચિત કરેતે શુદ્ધ હોત હે. જો ક્રોધ સઘરે ધર્મનમેં બાધક હે. મહા દુર્બુદ્ધિ હોય કે અજ્ઞાનતે ક્રોધ કરત હે. તાતે મન લગાયકે ક્રોધકો નિવારન કરનો. સો શાંતિ રૂપી ભગવદ્ ઇચ્છારૂપી ખડગતે દૂર કરે. ઓર ક્રોધ કરિકે ગુરુકી નિંદા કરે. ગુરુસો કઠિન વચન બોલે સો મુસક હોય હે. પાછે સર્પ યોનિ પો, ફેરિ વૃક્ષ યોનિકુ પાવે, પાછે પ્રેત યોનિકુ પાવત હે. માતાપિતાસો ભગવદ્ અર્થ વિના ક્રોધ કરત હે સો દરિદ્રી હોત હે વૈષ્ણવ સો ક્રોધ કરત હે તિનકે સઘરે ભગવદ્ ધર્મ સુકૃતકો નાશ હોત હે. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરે જો, વૈષ્ણવ હોય કે સર્વથા ક્રોધ ન કરનો. ક્રોધ કો મહાદોષ હે. કહિયે તો પાર ન આવે યા પ્રકાર સાવધાન રહે, ઈતિશ્રી ચતુર્થ પ્રસંગ. ૪

।। ઈતિ શ્રીગોકુલનાથજી કૃત ચતુર્થ વચનામૃત સંપૂર્ણમ્ ।।

શ્રીધોલ પદ

આવોજી અચલ સોહાસણી, મલી સહિયર સમાણી

આવોજી અચલ સોહાસણી, મલી સહિયર સમાણી; શ્રીગોકુલનાથજીને નિરખીએ, જગવલ્લભ જાણી. ૧

કાલિંદીજીને કાંઠડે શ્રીગોકુલ ગામ; ત્યાં બિરાજે શ્રીવલ્લભ રાજીયો, પરિપૂરણકામ. ૨

શ્રીવલ્લભકુલમંડન, ખંડનપાખંડી; જાણે જીત્યો કલિકાલમાં કલિરૂપ કુંદડી. ૩

નખશિખ સુંદરતા તણો, કોઇ પાર ન જાણે; સુરમુનિ નારદ શારદા, કવિ કોણ વખાણે. ૪

સરલ સુદેશ સોહામણો, શિર વાળ વિશાલ; વદનકમળ પાસે રહે, જાણે મધુકરમાલ. ૫

લલિત લલાટ રસ ભર્યું, હરિ ચંદન રેખા; ભ્રૂકુટી કામ કમાનની, વીંધે પ્રાણ વિશેખા. ૬

વાગ્યાં વ્રજવનિતાઓને, ઉર અંતર ભેદ; તત્ક્ષણ નયન નીરખતાં, કુલ સંકલ છેદ. ૭

લોચન લોલ પ્રસન્નતા, શ્રુતિમંડલ પરસે; કરુણાભર શિંગારસાર, બહુર રસ વરસે. ૮

નવલ નિરૂપમ નાસિકા, ગલસ્થલ ઝલકે; કંચનમણિકુંડલ તણી, આભા અતિ ચલકે. ૯

અધર અમૃતરસભર્યા, દંત દાડમ ખીલ્યા; વાક્ય સુધારસવૃષ્ટિથી, બ્રહ્માદિક ભૂલ્યા. ૧૦

કર પદ ગ્રીવા ઉદરની, ઉપમા શી દીજે; ત્રિભુવન માંહે કોઇ નહીં, એહુની સમોવડ કીજે. ૧૧

શોભા જોતાં, સુખ હોય, તે મન જાણે; ગૂંગો મીઠાઇ તણો, કેમ સ્વાદ વખાણે. ૧૨

અનુભવી વિણ આનન્દનું, કેમ રૂપ જણાય; જ્ઞાની વિરમી રહે, ત્યાં કવિ કેમ ગાય. ૧૩

જુગજુગ જગતપ્રભુ, સેવખસુખકારી; નારાયણ ગુણરૂપની, જાય બલિહારી. ૧૪

→ ધન-મદ સર્વ અનર્થોનું મૂળ છે અને તે માનવીને નર-પિશાચ બનાવે છે.

→ જે વિદ્યાથી માણસ પંડિત નહીં પરંતુ ભક્ત બને એ જ ખરી વિદ્યા છે.

→ સકામતા માનવીને માયાનો ગુલામ બનાવે છે, જ્યારે નિષ્કામતા તેને હરીનો પણ હરી બનાવે છે.

→ દુઃસંગ માનવીના દુઃખને વધારે છે, જ્યારે સત્સંગ સુખને.

→ નેહમાં નફાની ભાવના નુક્શાનમાં જ પરિણામે છે.

→ પ્રીતનું બંધન સૌથી વધુ શક્તિશાળી છે, કારણકે તે ભગવાનને પણ જકડી શકે છે.

→ સેવામાં ખૂબ જ સાવધાનતા રાખવી, અપરાધનો ડર રાખવો. જેથી પ્રભુ પ્રસન્ન થાય અને તાપ-ક્લેશાનંદનું દાન કરે.

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

સવજીભાઇ

આ સવજીભાઇ ગોધરાના ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ હતા. તેમના સ્ત્રીનું નામ વખાબાઇ હતું. બન્ને સ્ત્રી-પુરુષ શ્રીગોકુલેશ પ્રભુમાં સ્વરૂપાસક્ત થવાથી વતન ત્યજી શ્રીમદ્ ગોકુલ આવી શ્રીગોકુલેશ પ્રભુ નિકટ વાસ કર્યો હતો. બન્ને સ્ત્રી-પુરુષ શ્રીગોકુલેશ પ્રભુના ખાસા જળની સેવા કરતાં હતાં.

એક વખત સવજીભાઇના મનમાં એવો વિચાર આવ્યો કે હું વતન ત્યજી અહીં આવી પ્રભુના ખાસા જળની સદા સેવા કરું છું તે મારું અહોભાગ્ય છે. શ્રીગોકુલેશ પ્રભુને હું મારા ગણું છું પરંતુ શ્રીગોકુલેશ પ્રભુ મને પોતાનો ગણતા હશે કે કેમ? આથી એક દિવસ સમય જોઇ શ્રીગોકુલેશ પ્રભુને સવજીભાઇએ વિનંતી કરી : 'કૃપાનાથ! એક વખત આપ શ્રીમુખે આજ્ઞા કરો કે તું મારો છે. તેથી મારું મન આપશ્રીના શ્રીચરણકમળમાં દઢ થાય'. આ સાંભળી કૃપાસાગર શ્રીગોકુલેશ પ્રભુએ પોતાની નિકટ બેસાડીને સવજીભાઇને પૂછ્યુંઃ 'તારા ગામમાં કેટલા લોકો રહે છે?' ત્યારે સવજીભાઇએ જવાબ આપ્યોઃ 'કૃપાનાથ! ઘણા બધા લોકો રહે છે'. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરીઃ 'ત્યારે તે બધા અહીં શ્રીગોકુલ કેમ ન રહ્યા-આવ્યાં? અને તું એટલો જ અમારી પાસે કેમ આવ્યો?' ત્યારે સવજીભાઇએ કહ્યુંઃ 'કૃપાનાથ, એ તો મને ખબર નથી'. ત્યારે પ્રસન્ન વદનથી શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી : 'એનું કારણ એ છે કે તુ અમારો છે, જે અમારા છે તે જ અમારી પાસે આવે છે એ નિશ્ચય જાણજે'.

આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખના વચનામૃત સાંભળી સવજીભાઇનો સંશય નિવૃત્ત થયો અને સદા એકમનથી ભાવપ્રીતિપૂર્વક ટહેલ-સેવા કરવા લાગ્યા.

આ સવજીભાઇ શુદ્ધ અંતઃકરણના અનન્યભાવવાળા ભગવદીય હતા. તેમનો ભાવ અનિર્વચનીય છે.

રાજકુંવરબાઇ

આ રાજકુંવરબાઇ વરસોડા ગામના ગરાસીયા રાજપૂત હતા. તેમના પતિનું નામ વાઘજીભાઇ હતું. તેઓ સ્વભાવે દુષ્ટ, ક્રોધી અને તામસી હતા. આ વાઘજીભાઇને જોવા માત્રથી ડર લાગે એવા હતા. ગામમાં સૌ કોઇ તેનાથી ડરતું હતું. પરંતુ તેમના સ્ત્રી રાજકુંવરબાઇ પરમ ભગવદીયોના સંગે રીગોકુલેશ પ્રભુને શરણે આવ્યા હતા અને શ્રીગોકુલેશ પ્રભુના કૃપાપાત્ર અને સ્વરૂપાસક્ત સેવક થયાં હતાં.

એક વખત કૃષ્ણ ભટ્ટ શ્રીગોકુલથી ગુજરાત જતાં, શ્રીગોકુલેશ પ્રભુ પાસે વિદાય લેવા આવ્યા અને વિનંતિ કરી : 'કૃપાનાથ! હું ગુજરાત જઉં છું. કંઇ આજ્ઞા હોય તો આપ કહો.' ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી : 'એક પત્ર લઇ જજો. વરસોડા ગામમાં રાજકુંવરબાઇ રહે છે તેમને આ પત્ર આપજો અને અમારા આશીર્વાદ કહેજો'.

પત્ર લઇને કૃષ્ણભટ્ટ વરસોડા ગામમાં આવ્યા. અહીં શ્રીગુસાંઈજીના એક સેવક આનંદીભાઇ રહેતા હતા. તેમના ઘેર કૃષ્ણભટ્ટે મુકામ કર્યો. તેમણે આનંદીભાઇને કહ્યું : 'શ્રીગોકુલથી શ્રીગોકુલેશ પ્રભુએ એક પત્ર આપ્યો છે. અને

રાજકુંવરબાઇને હાથોહાથ આપવાની આજ્ઞા કરી છે'. ત્યારે આનંદીભાઈે કહ્યું : 'રાજકુંવરબાઇના પતિ વાઘજીભાઇ રજપૂત અતિ દુષ્ટ અને ઉગ્ર સ્વભાવના છે. જોતાં સાક્ષાત્ યમદેવ જેવા લાગે. ગામમાં કોઇ એમનું નામ પણ લઇ શક્તું નથી. આથી રાજકુંવરબાઇને રૂબરૂ કેમ રીતે મળી શકાય ?' ત્યારે કૃષ્ણ ભટ્ટે કહ્યું: 'આપણે બાબતમાં કોઇ ચિંતા કરવાની નથી. આપણા માથે સર્વસમર્થ સ્વામી શ્રીગોકુલેશ પ્રભુ બિરાજે છે. આપણે તો માત્ર આજ્ઞાનું પાલન જ કરવાનું છે. માટે ડર રાખ્યા વિના એમના ઘેર ચાલો'. આમ કહી કૃષ્ણ ભટ્ટ આનંદીભાઇને સાથે લઇને રાજકુંવરબાઇના ઘેર આવ્યા.

તે સમયે વાઘજીભાઇ ઘેર નહોતા. કૃષ્ણ ભટ્ટે શ્રીગોકુલેશ પ્રભુનો પત્ર રાજકુંવરબાઇના હાથમાં આપ્યો અને શ્રીગોકુલેશ પ્રભુના આશીર્વાદ કહ્યાં. રાજકુંવરબાઇએ આ બન્ને વૈષ્ણવોનો સત્કાર કરી સન્માનપૂર્વક ઘરમાં બેસાડ્યા. શ્રીગોકુલેશ પ્રભુના પત્રને એક ચોકી ઉપર પધરાવી દંડવત્ પ્રણામ કર્યા અને શ્રીગોકુલેશ પ્રભુના સર્વ સમાચાર પૂછ્યા. ત્યારબાદ આ બન્ને વૈષ્ણવોનું સારી રીતે સમાધાન કર્યું. એટલામાં તેમના પતિના આવવાનો સમય થતાં, બન્ને વૈષ્ણવોને ઘર બહાર ચબૂતરા પાસે બેસવા વિનંતિ કરી.

એટલામાં વાઘજીભાઇ ઘોડા ઉપર બેસીને બહારથી આવ્યા. આ બન્નેને ચબૂતરા પાસે બેઠેલા જોઇ, ઘરમાં જઇ સ્ત્રીને પૂછ્યું: આ બન્ને કોણ છે ? શા માટે અહીં આવ્યા છે. ત્યારે રાજકુંવરબાઇએ કહ્યું : 'તેઓ બન્ને વૈષ્ણવ છે અને શ્રીગોકુલથી આવ્યા છે. શ્રીગોકુલેશ પ્રભુનો પત્ર પણ સાથે લાવ્યા છે તથા આપણને શ્રીગોકુલેશ પ્રભુને આશીર્વાદ કહેવડાવ્યા છે. વાઘજીભાઇ શ્રીગોકુલેશ પ્રભુનો પત્ર લઇ બહાર આવ્યા અને કૃષ્ણ ભટ્ટને કહ્યું : તમે આ પત્ર અમને વાંચી સંભળાવો. અમને તો વાંચતા આવડતું નથી.

ત્યારે કૃષ્ણ ભટ્ટે શ્રીગોકુલેશ પ્રભુનો પત્ર વાંચી સંભળાવ્યો. શ્રીગોકુલેશ પ્રભુનો પત્ર-વચનામૃતનું શ્રવણ કરતાં જ વાઘજીભાઇનો દુષ્ટ સ્વભાવ તત્કાલ બદલાઇ ગયો અને હૃદય કોમળ બની ગયું. બન્ને વૈષ્ણવોને વિનયપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા અને પ્રસન્નતાપૂર્વક આદર સન્માન સહિત ઘરમાં પધરાવી લાવ્યા. વાઘજીભાઇનું હૃદય પરિવર્તન જોઇ આનંદીભાઇ તો આશ્ચર્યચકિત થઇ ગયા અને કૃષ્ણ ભટ્ટને કહ્યું : 'આપણા પ્રાણ પ્રિય શ્રીગોકુલેશ પ્રભુનો જ આ પ્રગટ પ્રતાપ છે. આ કાર્ય શ્રીગોકુલેશ પ્રભુની કૃપા સિવાય શક્ય ન નથી'.

વરસોડાથી વિદાય લેતાં કૃષ્ણ ભટ્ટને વાઘજીભાઇને દીનતાપૂર્વક બે હાથ જોડી વિનંતિ કરી : મારા મસ્તક પર હાથ મૂકિ આશીર્વાદ આપો કે હું જેમ બને તેમ જલ્દીથી શ્રીગોકુલ આવું અને શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરું. કૃષ્ણ ભટ્ટે પણ કૃપા કરી અને શ્રીગોકુલેશ પ્રભુના સ્મરણ કરી આશીર્વાદ આપ્યા અને પછી પોતાના ઘેર જવા વિદાય થયા.

આ રાજકુંવરબાઇ અને વાઘજીભાઇ શ્રીગોકુલેશ પ્રભુના પરમ કૃપાપાત્ર અને સ્વરૂપાસક્ત ભગવદીય હતાં. શ્રીગોકુલેશ પ્રભુના પ્રગટ પ્રતાપ બળે વાઘજીભાઇ જેવા અતિ દુષ્ટ જીવનો પણ અંગીકાર થયો હતો. આવા ભાગ્યવાન ભગવદીયોના ભાવ અને ભાગ્યનું શું વર્ણન કરવું ?

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

ગુરુ વલ્લભ સમ નહિ મળે, કરે જો કોટિ ઉપાય;
પુરુષોત્તમ વશ થાય-જો શ્રીવલ્લભ હોય સહાય. ૨૭
મારૂં મન વલ્લભ વિના, રહે ન એકેય ઠામ;
જે વલ્લભ સન્મુખ થયા, તેને કોનું કામ. ૨૮
સામિલ મન શ્રદ્ધા સહિત, વલ્લભ મત ઉપદેશ;
શ્રીગુરુ પદ સેવા થકી, થાય હૃદય આવેશ. ૨૯

તમે કોટિ ઉપાય કરશો તો પણ શ્રીવલ્લભ સમા ગુરુ જગતમાં મળશે નહિ. શ્રીવલ્લભની કૃપાથી, આપશ્રીની સહાયતાથી સાક્ષાત્ ભગવાન જીવને વશ થઇને રહેશે. (આવું સામર્થ્ય બીજા કોનામાં હોય?) મારું મન તો શ્રીવલ્લભ વિના બીજે ક્યાંય પણ લાગતું જ નથી. લગાડવાની જરૂર પણ શું છે? જેઓ શ્રીવલ્લભને દૃઢ વળગ્યા છે, તેને બીજા કોઇનું એ કામ નથી. એને સર્વ કંઇ સહજ સિદ્ધ થઇ જાય! હે મન! તું શ્રદ્ધાપૂર્વક શ્રીવલ્લભના સિદ્ધાંતોને-આપશ્રીના ઉપદેશોને-અનુસર. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણોની સેવા કરતાં તો હૃદયમાં ભગવાનનો આવેશ થઇ આવે છે. ૨૭-૨૯

મૂળ ગ્રંથ જે ભક્તિના, તે છે અપરંપાર;
ભક્તિભાવ રસ ભેદના, તેમાં છે વિસ્તાર. ૩૦
તેમાંથી દોહન કરી, મેં જાણ્યા જે ભાવ;
જેમ જેમ બુદ્ધિ સંચરે, તેમ તેમ કરું પ્રભાવ. ૩૧
જગમાં સાધન છે ઘણાં, પૂજા ધર્મ અનેક;
પૃથક્ દેવ આરાધના, નાના યુક્તિ વિવેક. ૩૨
કોઇ કહે મોટા વિષ્ણુ છે, કોઇ બ્રહ્મા, શિવ, શક્તિ;
મત્સ્યાદિક અવતારમાં, કોઇને છે આસક્તિ. ૩૩
મૂળ વાત જાણ્યા વિના, એવો કરે વિચાર;
પૂરણતા શ્રીકૃષ્ણમાં, તેની સુધ ન લગાર. ૩૪
કરે કોઇ જન ભક્તિ જો, પણ તે બીજી ભાંત;
નામ રૂપ ગુણ ભેદ બહુ, તેથી ટળે ન ભ્રાંત. ૩૫

ભક્તિ ક્રિયા બહુ ભાંતની, જેના ભિન્ન વિચાર;
મૂળ મંત્ર જાણ્યા વિના, પ્રગટે રતિ ન લગાર. ૩૬
નહિ આસક્તિ સ્વરૂપમાં, નહિ વ્રજજનનો ભાવ;
લીલા અનુસંધાન નહિ, સેવે સલિલ સ્વભાવ. ૩૭
પહેલું પગલું ભક્તિનું, હરિ સ્વરૂપને જાણ;
અંતર હેત કેમ ઉપજે, વિના જાણ-પહેચાણ! ૩૮

ભગવદીયો કહે છે કે ભક્તિમાર્ગના ગ્રંથો તો પાર વિનાના છે. તેમાં ભક્તિના ભાવ અને રસનો ઘણો વિસ્તાર છે. શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથ આજ ભક્તિને હેતુ પ્રગટ કર્યો છે. જ્યાં સ્વમાર્ગ ભક્તિને અન્યમાર્ગથી વિલક્ષણ બતાવી છે. શાસ્ત્રમાં અનેક ઠેકાણે ભક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે, પણ જે ભક્તિ શ્રીમહાપ્રભુજીએ વર્ણવી છે, તે અન્ય માર્ગથી વિલક્ષણ છે. તેથી આપણા એતન્માર્ગની ભક્તિને વિશેષતા પ્રાપ્ત થાય છે. શ્રીગોકુલેશ પ્રભુએ ભક્તિવર્ધિની ગ્રંથના પ્રથમ શ્લોકની ટીકામાં આ વિશે આ પ્રમાણે આજ્ઞા કરે છે : **आचार्यस्तु स्व-प्रकटित-शुद्ध-पुष्टिमार्गीय-भक्ति-निरूपणं कर्तुं, तस्याश्च मर्यादा-भक्ति-वैलक्षण्यं ज्ञापयितुं तत्साधनानि तत्फलं च वक्तुं तत्साधनानां तत्फलस्य च वैलक्षण्यं वक्तुं भिन्नतया स्वमार्गीयां भक्तिं तद्वृद्धि-प्रकारसाधनं च निरूपयन्ति.....**

ભક્તોએ અનેક પ્રકારે એતન્માર્ગની ભક્તિનો અનુભવ કર્યો છે. તેમાં દોહન શું કરી શકાય? ભાવ દ્વારા સમજી શકાય. જેમ શ્રીઉદ્ધવજી જ્યારે વ્રજમાં આવે છે ત્યારે તેમણે વ્રજસ્વામિનીજીના ભાવ જોઇને પોતાના જ્ઞાનનો મદ ત્યાગ કરી શુદ્ધ ભક્તિને પ્રાપ્ત કરવા પ્રયત્નશિલ થાય છે. જેનું વર્ણન આપણને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધના અનેક અધ્યાયોમાં પ્રભુની મહદ્વિમૃગ્ય ભક્તિનું વર્ણન સ્વયં પ્રભુ કરે છે. આ ભક્ત કવિ કહે છે કે જે ભક્તિનો ભાવ હું સમજ્યો છું તે યથામતિ સમજાવી રહ્યો છું.

જગતમાં અનેક ધર્મો છે, અનેક સાધનો છે. જુદા જુદા દેવોની પૂજા આરાધના ચાલે છે. પોત-પોતાના મતોને ખરો ઠરાવવા લોકો જાત-જાતની યુક્તિઓનો ઉપયોગ કરે છે. જેનું વર્ણન શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં શાસ્ત્રાર્થ પ્રકરણમાં વર્ણવ્યું છે કે : **बुद्धावतारे त्वधुना कलौ तद्वशगाः सुराः । नानामतानि विप्रेषु भूत्वा कुर्वन्ति मोहनम् ।। १६ ।।**

કોઇ વિષ્ણુને, કોઇ બ્રહ્માને, કોઇ શિવને તો કોઇ શક્તિને મોટી ઠરાવશે. વળી કોઇ ચોવીસ અવતારોમાંથી કોઈકનો આગ્રહ બતાવશે. પણ એ લોકો મૂળ વાત જાણતા નથી, સાચું રહસ્ય સમજતા નથી. પૂર્ણ બ્રહ્મ સર્વના શિરોમણિ તો કેવળ શ્રીકૃષ્ણજ છે, એ વાતનું એમને ભાન નથી. શ્રીમહાપ્રભુજી જ્યારે શ્રીપુરુષોત્તમ ક્ષેત્ર પધાર્યા હતા, ત્યારે આ વિષય પર ચર્ચા ચાલતી હતી કે કયો શાસ્ત્ર મોટો, કયો દેવ મોટો, કોનો મંત્ર-કયો મંત્ર શ્રેષ્ઠ, કોની સેવા કરવી? ત્યારે શ્રીમહાપ્રભુજીએ પોતાનો યથાર્થ મત પ્રગટ કર્યો, છતાં કોઇને શંકા થતાં આ વિષયના પ્રશ્નને શ્રીજગન્નાથજી સન્મુખ ધરવામાં આવ્યો. ત્યારે શ્રીજગન્નાથજીએ જે આજ્ઞા કરી તેની શ્રીમહાપ્રભુજીએ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં વર્ણવ્યું છે : **एकं शास्त्रं देवकीपुत्रगीतं एको देवो देवकीपुत्र एव । मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माऽप्येकं तस्य देवस्य सेवा ।। ४ ।।**

અરે ભક્તિમાં પણ અનેક ભેદ છે. શ્રીવલ્લભે બતાવેલા માર્ગ સિવાય અન્ય માર્ગની રીતે ભક્તિ કરે તે પણ કામની નથી. તેથી અજ્ઞાન દૂર થતું નથી. એ જ્ઞાન આવશ્યક છે કે ભગવાનના અંશ, કલા, વિભૂતિ આદિ અનેક અવતારો છે. તેમનાં નામ, રૂપ, ગુણ, બધું જાત જાતનું છે. એ સમજાય તો જ સંશયો દૂર થાય. ભક્તિમાર્ગની રીતો પણ ઘણી છે. એમાં જાત જાતની વિચારણાઓ છે. એનાં રહસ્યો સમજ્યા વિના શ્રીકૃષ્ણમાં રસાત્મક પ્રીતિ પ્રગટતી નથી.

અરે પુષ્ટિમાર્ગીય પ્રકારે સો કરનારાઓને પણ જો પોતાના સેવ્ય સ્વરૂપમાં આસક્તિ નહિ હોય, હૃદયમાં વ્રજ ભક્તોનો ભાવ નહિ હોય, સેવા સાથે લીલાનું ચિંતન નહિ હોય, તો એ સેવા પ્રવાહવત્ બની જશે. (સલિલ-જળ). શાસ્ત્ર નવધાભક્તિને વર્ણન કરે છે. અને આ જ સૌથી પહેલાં તો, પોતે જેને સેવે છે તે કોણ છે ? પોતાની સાથે એમનો શું સંબંધ છે ? એ જાણી લેવું જોઇએ. એ સાક્ષાત્ વ્રજાધિપ છે-શ્રીગોપીજનવલ્લભ છે; પોતાના પ્રાણ પ્રેષ્ઠ છે, સ્વામી છે. એ ભાવ મનમાં દઢ થવો જોઇએ. આ જાણ્યા વિના હૈયામાં હેત ક્યાંથી ઉપજે ? ૩૦-૩૮

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

હવે ગોપાલદાસભાઇ આ કૃપાબળ પ્રાપ્ત કર્યું એટલે કે ગ્રંથની રચના કરવાની શક્તિ પ્રાપ્ત થઇ, એની પાછળ કયો હેતું છે-શું નિયામક છે ? એનું પ્રતિપાદન હવે આગળના કવિત્ત દ્વારા કરશે.....

નિયામક ન ક્રતુ આદિ વ્રત આચરણ કછુ,
સાધન સહાયકો નિયામક ન માનિયે;
નિયામક ન નેમધર્મ પીઠિકા પ્રસિદ્ધ સિદ્ધ,
સોઉ કોઉ કાજ આવૈ એસી મનમેં ન આનિયૈ;
નિયામક ન સંગ ન સુશીલતા ન ગ્રંથ પાઠ,
ભાવ ભગવદ્નામ નિયામક ન માનિયે;
નિયામક ઢરની એકમાત્ર ગોકુલેશજીકી,
જેહી ભાંતિ ઢરી આવૈ, સોઈ યેં પ્રમાનિયે. ૩

શ્રીમહાપ્રભુજી નિરોધલક્ષણ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : ' **सर्वानन्दमयस्याऽपि कृपानन्दः सुदुर्लभः।।**' કૃપાનંદ અત્યંત દુર્લભ છે. જે આનંદ પ્રાપ્ત કરવામાં અથવા પ્રભુ દાન કરે ત્યારે તેનો હેતુ કંઇ નથી. આપણી કૃતિમાં એવી કોઇ

વિશેષતા નથી કે તેથી પ્રભુ પ્રસન્ન થાય. વ્રત યા ધર્માચરણ પણ નિયામક નથી, શાસ્ત્રોમાં બતાવેલા સાધનોથી વિભૂતિનિ પ્રાપ્તિ થાય. પૂર્ણપુરુષોત્તમ રસાત્મક સ્વરૂપની નહિં. કોઇ નિયમ યા ધર્મશાસ્ત્રોક્ત સાધન-કર્મ અથવા કોઇ પીઠ હોય, પરંપરાગત પ્રણાલિ હોય, કોઇએ મંત્ર યા તંત્રની સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એ કંઇ મૂળ સ્વરૂપની પ્રાપ્તિમાં જરા પણ ઉપયોગી નથી થતું. કોઇ સંગ બળથી યા અન્ય સુખના સાધનોથી શીલતા અથવા ગ્રંથ પાઠ આદિ કરતા રહીએ તો પણ એ નિયામક નથી બની શક્તું. નિયામક જ્યારે કંઇ નથી ત્યારે પછી આ કૃપાનું કારણ શું છે? ત્યારે કહે છે કે : **નિયામક ઢરની એકમાત્ર ગોકુલેશજીકી, જેહી ભાંતિ ઢરી આવૈ, સોઈ યેં પ્રમાનિયે.**

આ કૃપાનું દાન કરવામાં હેતુ જો કાંઇ પણ હોય તો એ છે કે શ્રીગોકુલેશજીનું કરૂણાલ થઇને ઢળવું અર્થાત્ પોતાના સ્વકીય ભક્તો પર કૃપાનો વરસાદ વરસાવવાની સહજ ઢરની જ નિયામક છે. સર્વસામર્થ્યવાન પ્રભુ પોતાના ભક્તનો અવ્યાભિચારી ભાવ જોતાં જ કૃપા કરવાને વિવશ બની જાય છે. અન્ય સંબંધની ગંધથી મુક્ત સહજ સ્નેહને અવ્યાભિચારી ભાવ યા સ્નેહ કહેવાય. એ સ્નેહ પોતામાં હોવા છતાં એમની ઢરનીને જ નિયામક કહે છે. સ્નેહને પણ નહિં. ૩

સાધનકી સાધના આરાધના અન્યહુકી,
પરમ પવિત્રતા કો બલ ના વિશેષકે;
ગુનકો ન જ્ઞાનકો ન આન સન્માનકો,
ન લીલા અવગાહનકો ભરોંસો એક લેશકે;
કાહુકો ન ત્રાસહૈ ન આશ કાહુ ઔરનકી,
સંસ્કારકે બલના ના ભરોસેં બેસકે;
મહદ કૃપાકે બલ ડર નહીં એક પલ,
નીડર રહતહેં ભરોંસેં ગોકુલેશકે. ૪

સાધનની સાધના, સાધનના કોઇ પણ પ્રકાર યા અન્યની કોઇ આરાધના અથવા ઉચ્ચ કક્ષાની પવિત્રતા-આ બધામાં વિશેષ બલ નથી. કોઇ એવા ગુણ પણ નથી કે જે રાજને પ્રસન્ન કરી શકે. એવું ભજન-બળ પણ નથી તથા કોઇ આપણને સન્માન આપે અથવા આપણે દિવસ-રાત લીલાનું અવગાહન કરીએ છીએ તેથી યોગ્યતા આવી છે એમ જરા પણ ભરોસો નથી. કોઇ તરફથી કંઇ પણ ત્રાસ નથી કારણકે અન્ય પાસેથી કંઇક અપેક્ષા રાખીએ અને એ પૂર્ણ ન થાય તો ત્રાસ-દુ:ખ ઉત્પન્ન થાય. પરંતુ નિરપેક્ષ ચિત્ત અને પાછું ભગવદ્રસથી યુક્ત હોવાથી અપેક્ષાના અભાવમાં દુ:ખ જરા પણ ન ફરકી શકે એવી હૃદયની સ્થિતિ છે.

સંસ્કાર યા વેષ ગમે તેવો હોય પરંતુ કૃપાબળની પ્રબળતા આગળ એ પણ નિર્બળ છે. તથા શ્રીગોકુલેશ પ્રભુની પરમ પ્રસન્નતા સિવાય અન્ય કંઇ પણ આશા નથી. પરમ કૃપાપાત્ર ભક્તોના કૃપાબળથી દુ:સંગનો કોઇ પણ પ્રકારે હવે ડર નથી. મન એવી રીતે સ્વરૂપનિષ્ઠાને પ્રાપ્ત થયું છે કે તેમાંથી વિચલિત થવાનો હવે ભય નથી. આ નિર્ભયતા શ્રીગોકુલેશજીનાં ઊભય શ્રીચરણારવિંદમાં દઢ વિશ્વાસ થવાને કારણે જ પ્રાપ્ત થઇ છે. એટલે ગોપાલદાસભાઇ કહે છે

કે, નીડર રહું છું સદા શ્રીગોકુલપતિનાં વિશ્વાસ પર-આ રીતે પોતાની દૃઢ નિષ્ઠાનું પ્રતિપાદન કરીને ભગવદ્રસ વિનાનાં અન્ય રસોને વિષ સમાન બતાવી છે. ૪. હવે આગળ અન્યાશ્રયનું સ્વરૂપ બતાવતાં ગોપાલદાસભાઈ કહે છે કે :

જિહિ છિનુ સુરતિ ન આવે ગોકુલેશજુકી,
તિહી છિનુ અસુર આવેશ કરી ઠાનયે;
વલ્લભકે રસ બિનુ રુચે જાહિ આન રસ,
સોઈ રસ અનરસ વિષ કર માનિયે;
સ્વરૂપરસ ભાવ બિનુ આન ભાવ આવે જબ,
તબ હિ જુ મન આન આસરો હિ જાનિયે;
ઈહાં રુચિ માન આન ઉપજે જો વસ્તુ બુદ્ધિ,
તો જીય આપ આપુને અનન્ય ન પ્રમાનિયે. ૫

શ્રીમહાપ્રભુજી સાથે એક ભગવદ્ભક્ત શ્રીકૃષ્ણ ચૈતન્યની સાથે વાર્તાલાપ થયો. તેમણે કહ્યું કે, આ ઘોર કલિયુગમાં એક ક્ષણ પણ ભગવાનનું રટણ થાય તો જીવનો ઉદ્ધાર થાય. ત્યારે શ્રીવલ્લભ મહાપ્રભુ આજ્ઞા કરે છે કે, એક ક્ષણ પણ ભગવદ્સ્મરણની વિસ્મૃતિ થાય તો આસુરાવેશ થાય. પુષ્ટિજીવનું જીવન સર્વસ્વ એમનાં સ્વામી છે. તેમની સુરતિ જો એક ક્ષણ પણ વિસરાય તો એ ક્ષણ આસુરાવેશની કહેવાય. શ્રીગુસાંઈજી પણ આજ્ઞા કરે છે કે : **अन्यसम्बन्धगन्धोऽपि कन्धरामेव बाधते।** ભક્તને માટે અન્ય સંબંધની ગંધ પણ ગળાને કાપે એટલું કષ્ટ આપે છે, તો જે ક્ષણે એ પ્રભુની સુરતિ ભૂલાય ત્યારે આસુરાવેશને સ્થાન મળી જાય છે. શ્રીવલ્લભ શ્રીગોકુલેશ પ્રભુનાં સ્વરૂપરસ વિના જો અન્ય રસમાં રૂચિ થાય તો એ રસને ભગવદીય રસ નથી સમજતા પણ વિષ સમજે છે. સ્વરૂપના રસથી ઉત્પન્ન થયેલા ભાવ સિવાય અન્ય ભાવ જેમ કે સ્વમુખની ભાવના સ્વામીનાં સુખની કામના કરતાં વધુ બળવાન થાય તો એ પ્રકારની વિપરીત ભાવનાને ભગવદીયો અન્યાશ્રય તરીકે જાણે છે.

આપના હૃદયની રતિ આ સર્વથી પર સ્વરૂપમાં સ્થિર ન હોય તો અને અન્ય વિષયોમાં અટવાયેલ હોય તો આપણને અનન્ય કેમ કહી શકાય? આપણી અનન્યતાનું પ્રમાણ એ જ છે કે મનની અનેક પ્રકારના રસની પ્રાપ્તિ કરવાની વૃત્તિ છે. તેને એ બધા રસોનો એકી સાથે અનુભવ શ્રીગોકુલેશ પ્રભુની ઢરનીથી જ પ્રાપ્ત થાય છે. કોઈપણ રસ પ્રાપ્ત કરવાની અન્ય પાસે અપેક્ષા જ ન રહે. આવી સમજ અને રૂચિ - આવી દૃઢ આસ્થા સ્વરૂપરસથી ઓતપ્રોત થયા વિના પ્રાપ્ત ન થાય. અને અન્યાશ્રય તથા અન્ય સંબંધ સ્નેહમાં તથા કૃપા પ્રાપ્ત કરવામાં મોટામાં મોટા પ્રતિબંધક તત્વો છે એ વસ્તુનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું. ૫

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

|| વડોદરાવાસી ભાઇ ગોકુલદાસ કૃત અષ્ટકમ્ ||

મહાનુભાવ ભક્ત-કવિઓ દ્વારા રચિત, સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણોના સ્વરૂપ-મહાત્મ્ય વિષયક જે સાહિત્ય હાલમાં ઉપલબ્ધ છે, તે સાહિત્ય પ્રાચીન લેખીયાઓ (હસ્તલિખિત ગ્રન્થ લખનારાઓ) દ્વારા લખેલ ગદ્ય અને પદ્યના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તે સાહિત્યમાંથી અમુક સ્તોત્ર વિગેરે સંસ્કૃત ભાષા વિજ્ઞાન-છન્દશાસ્ત્રના નિયમોના આધારે નિબદ્ધ થયેલ નથી. પાઠક-મિત્રોને નોંધ લેવી કે એવો અનુમાન છે કે સ્તોત્રમાં ભાષા સમ્બન્ધી ત્રુટિ પ્રાચીન લેખિયોઓની હોઇ શકે...સ્તોત્ર રચનાકાર મહાનુભાવ ભક્તિ કવિઓની નહી!

मंदरिं सुंदरं सुंदरीसुशोभितं दर्शय गोकुलाधीशं नित्यतम् ।
कोटीसौंदर्यमङ्गमानन्दमयी सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। १ ।।
केशशोभाभरे भालरेखा-उभय दीर्घता नासिका लोलता ईक्षणम् ।
माधुरीमत्तता श्रीमुखावलोकने सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। २ ।।
कुण्डलोद्योतता कर्णशोभामयी हेममुक्तामणि शुभ्रता भूषणम् ।
चित्तचिंतामणि नयनश्रङ्गार ए सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। ३ ।।
रङ्गबिंबाधरे नागवेलीयुतं दानरूपामृते पानप्रेमामृते ।
चारुहास्ये कृपाभावलोभिन्नता सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। ४ ।।
मालग्रीवालसे स्वेतधोतीधरे मुद्रिका-अङ्गुली राजते मुदितम् ।
प्रियप्रेमावलि सिञ्चने सर्वदा सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। ५ ।।
भोगरागे रसे भामिनीसंयुतं भोग्यतानित्य ए दक्षदानाधिपम् ।
केलिलीलारसोद्‌बोधभावप्रदे सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। ६ ।।
लग्नताचित्तमें विस्मृत सर्वतः प्राप्तितोभावए दीनता निश्चितम् ।
रूक्षता नंदता सत्त्वता तत्फलं सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। ७ ।।
तप्तआसक्तता विप्रयोगेस्थितिर्जीवते दुर्भगा सिद्धयोगे मतिः ।
सत्यसङ्कल्प अङ्गीकृतौ नाथ ए सेवियं श्रीपदाम्बुजं वल्लभस्य ।। ८ ।।

।। इति गोकुलदासविरचितं अष्टकं संपूर्णम् ।।

જૈ જૈ શ્રીગોકુલેશ

આવોજી અચલ સોહાસણી

આવોજી અચલ સોહાસણી, મલી મંગલ ગાઈએ (ગાવો);

પ્રકટયા શ્રીગોકુલનાથજી, જન્મનો રે દહાડો. ૧

મોતી કેરા સાથીયા, મંદિરમાંહે કહાડે;

મણિ મુક્તાફલ કેવડો, વચ્ચે ચોકમાં પૂરાવો. ૨

શ્રીવિઠ્ઠલજી દાન આપે ઘણું, કહેતાં ન આવે પાર;

ભાટ જાચક રે મળ્યા બહુ, બોલે જય જયકાર. ૩

આજ સખી રે વધામણી, વ્રજ વાજે નિશાન;

પ્રગટયા શ્રીગોકુલનાથજી, આવ્યા કોટિ કલ્યાણ. ૪

ચાલો ચાલો ઉતાવલા પ્રભુને જોવાને જૈયે;

તન મન તાપ મેલીને આપણ આનંદ પૈયે. ૫

અમી રે ભરી પ્રભુની આંખડી, નયણાં છે રસિયાલાં;

એ તો નિદ્રા નહીં કરે, જોવાના રે રસિયા. ૬

ભગવદીમન આનંદ ઘણો, ફૂલ્યાં અંગ ન સમાય;

માધવદાસના પ્રભુજી મોરે મન વસિયા. ૭

કવિત

આજ લોં અયોગ્યતા અલેખે આપ કરી તેં તો, એ તો સમજાયો અબહુ તો કછુ લજ રે;

વિપ્રયોગ રસ અન્ય રસ રસહીમેં કીનો, ભીનો સ્વાદ હી મેં અજહૂ પ્રપંચ તજ રે;

મન હિ સોં મન સમજાઉં માન કહ્યો મેરો, મરવેકો ભયો અબ તૈસા સાજ સજ રે;

નિર્દોષતાસું દોષ આપનો વિચાર મન, ગોકુલેશ ગોકુલેશ ગોકુલેશ ભજ રે. ૨૯

શ્રીગોકુલનાથકી જય

|| ShriGokulesho Jayati ||

ShriVallabh Vaani

(Translation of the Tenets and Authorities)

- Lord ShriKrishna says – "I have created the four fold system of the mankind according to their inborn qualities and preferences to their deeds". (**ShriGita 4.3**)
- "The Brahman has made Himself manifest as the matter (Vishaya) of the whole creation but the reality is concealed by the operations of Maya (Vishayataa)". (**Subodhini 2/9/3**)
- "Out of these, the path of Gyaan is efficious for those who have lost all charm for the fruits of ritual acts of the Veda considering it to be full of sorrow and accordingly have abandoned such acts. Whereas the path of action is effectual for those who hanker after the desired fruits and whose mind has not therefore recoiled from such acts. To the man however, whose has sprouted the seed of my love by some good stroke of fortune a zeal for hearing my stories and chanting my name. Who is neither disgusted with the pleasures of the senses nor is deeply attached to them, the path of devotion befits such a person as a form of God Realisation". (**ShriBhagwat 11.20.6-8**)
- "O Uddhav, listen to well protected secrets that I shall recite to you now. The reason for sharing this well gaurded secret is that you are my sincere friend and follow me with utmost servitude and therefore also dear to me". (**ShriBhagwat 11.11.49**)
- "To a person of the mediocre level of the spiritual quest, the creation as a whole seems as the manifestation of Lord Shri Krishna in the form of essential cause but the person of the highest level of spiritual quest perceives the creation as the manifestation of Lord Shri Krishna – Himself. All the worlds, immediate and beyond, are forms of the Lord. Everything all the phenomena is the Brahman is the gist of the Shruti - the word of the Vedas. This is how the ones who traverse the path of spirituality should perceive the reality. It is the Brahman in the form of all perceptible worlds as the created and the creator, as the protected and the protector, as the slayed and the slayer, the birth and the death, the beginning and the end – all this is mere assumption of the intelligence the reality becomes apparent for the process of Aavirbhaava and do not remain apparent for the process of Tirobhaava. This is the true approach of Brahmavaada. The rest of the theories are nothing but deceptive presumption of the thinkers". (**Tatvartha Deepa Nibandha Sarvanirnaya 182-184**)
- "The Vedas, the utterances of Shri Krishna in Shri Gita, the Vedant aphorisms of Shri Ved Vyas and Shrimad Bhaagavat Mahaapuraan obtained by Shri Ved Vyas in his divine trance are the prime source of proof of the reality". (**Tatvartha Deepa Nibandha Shastrarth 7**)
- "Only the Vraj-Swaminis are the 'Guru' in Pushtimarg". (**ShriSubodhini 10.26.1**)

- "The words of these four divisions of the scripture coordinated into singular statements and propositions are capable of producing the true knowledge". (**Tatvartha Deepa Nibandha Prakash Shastrarth 7**)
- "Only the ones endowed by the Divine Grace, reach the stage of fruition on the path of Bhakti, for Grace is the seed of this fruitful stage of being". (**Tatvartha Deepa Nibandha Sarvanirnaya 226**)
- "The instrumentality of Grace in the case of a selected or chosen Jiva can only be deciphered by his/her inclination and attitude towards the path of Bhakti". (**Tatvartha Deepa Nibandha Prakash Sarvanirnaya 226**)
- "Every body does not become eligible to the fruits of Pushti. Only those who have been favoured by the Lord become the recipients of the fruit. The favours or the Kripa on an eligible person can be deciphered through his inclination towards following the path. There are four prerequisites of being an Acharya-Guru according to Shri Mahaprabhu. They are -

  1) An Acharya-Guru of this Sampradaaya should be dedicated to the observance of Shri Krishna seva as defined by Shri Mahaprabhu.
  2) He should not possess the negative characteristics like Kaam, Krodha, Dammbha etc.
  3) He should be a male member and a descendant of Shri Mahaprabhu as postulated by the tradition and custom.
  4) He should be well versed in the Veda-Shaastras and the Bhaagavat Mahaapuraan".

  (**Tatvartha Deepa Nibandha Sarvanirnaya 227**)
- "A Pushtimaargiya Bhakta should always worship the Swaroop of Lord Hari for the very reason that the Lord has manifested Himself in the form of the Swaroop. During the course of the worship, every mental and physical act extended towards the Swaroop of the Lord means the act actually being extended towards Lord Himself. All the divine parts from toe to head of the Lord have manifested into the parts of the Swaroop". (**Tatvartha Deepa Nibandha Sarvanirnay 228**)
- "Lord Shri Krishna should be worshipped forever with the natural attitude of Sarvaatmabhaava as explained in the Bhaagavat Shaastras/with the attitude of inborn emotions cultivated towards Shri Krishna, the Lord of the Vraj. This is the only form of Dharma for a Pushtimaargiya. No other form of Dharma can ever become applicable to him". (**Shodash Granth Chatushloki 1**)
- "The state of emotion of the Vraj Bhaktas can be achieved only through the instrumentality of Bhaavana i.e. constantly delving into the Lilas by contemplation". (**Shodash Granth Sanyas Nirnaya 8**)
- "One who has developed the deep attachment in the regular performance of Seva and in the four folds treatment of Shravan, Manan, Chintan and Kathan of Katha for his lifetime, the Jivaatman and the

senses of such a person are certainly saved from being ravaged by the assailing forces of Avidyaa - is my firm belief". (**Shodash Granth Bhaktivardhini 9**)

- "Now I shall enumerate the means to cultivate and culminate the seed of Bhakti, if the potential of Bhakti has already sprouted forth and become strong enough to survive the worst roughness of the surroundings. One should renounce everything for the final fruits through the instrumentality of Shravan and Kirtan. For those who have not reached the ripened state of Bhakti, the course is to stay in their house, observing the rules and regulations of one's Atmadharma-Pushtimaarg and of Varna and Ashram, while worshipping Lord Shri Krishna by means of Puja, Shravan, Manan, Chintan and Kirtan and abstaining from the attachments, earnings and worldly proceeds". (**Shodash Granth Bhaktivardhini 1-2**)
- "The ambition and the purpose of mankind are named as Dharma, Artha, Kaam and Moksha by the great savants, the seers. As established by the Lord and the Jiva they are classified into two different divisions". (**Shodash Granth Balbodh 2**)
- "Lord Shri Krishna should be worshipped forever with the natural attitude of Sarvaatmabhaava as explained in the Bhaagavat Shaastras/with the attitude of inborn emotions cultivated towards Shri Krishna, the Lord of the Vraj. This is the only form of Dharma for a Pushtimaargiya. No other form of Dharma can ever become applicable to him. The only obligation for a Pushti Bhakta is to serve his Swami Shri Krishna who has become his true wealth-Nidhi by His own liking and accepted him as His own. The Lord of Vraj concerns Himself and carries out everything in regard to Bhakta; therefore he (Bhakta) should become carefree of all his worries. If a Bhakta has adorned the Lord in his heart by the means of Sarvaatmabhaava, after this accomplishment at this point, Shri Mahaprabhu asks, Speak O Jiva, Having adorned the Lord in your heart, what else remains for you to achieve through the collective instrumentality of the worldly and the Vedic measures. Therefore always remember and serve the Divine Feet of the Lord of Gokul, never ever give up doing so". (**Shodash Granth Chatushloki**)
- "Now the fruit of seva is defined in relation to the kind of seva as already set out and defined". (**Shodash Granth Sevaphal**)

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૭
શ્રીઇન્દિરા
એકાદશી વ્રત
ભાદરવા વદ
૧૧, ૨૦૬૬

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપ ગૂજરાતમેં વાડાશીનોર (બાલાસિનોર) ગામમેં બિરાજત હતે, તબ વહાં આપકો સાજ ગાદી-તકીયા, સેવાકે ગાદલા, સબ અપને મંદિરમેં છોડકે શ્રીગોકુલ પધારે હતે, પાછે વા ગામમેં દૂસરે ઘરકે બાલક પધારે, તબ આપકો સાજ ગાદી તકીયા સૈયાકે ગાદલા વે બાલકકે તાંઈ વહા કે વૈષ્ણવને દીયે હતે, પાછે કોઈ સમય આપ વા ગામમેં પધારે. તબ આપને જાની. તબ વૈષ્ણવકું પૂછી, ઓર મંદિરકે કામદારકૂ પૂછી જે તુમકુ યા ઘરકો અધિકાર કોનને દીયો હે ? જે હમેરી આજ્ઞા વિના સાજ ક્યોં દીયો. એસે કૃપાદંડ અપનાયત જાન રોષ દ્દષ્ટિસું ખુબ સમજાયે, પાછે વો સાજ મંગવાયકે વાકે ટુકટુક કરદીયે, યહ આજ્ઞા કર યહ જતાઇ જે અપને ઘરમેં અછુતો પ્રકાર હે, તાતે અનન્ય શુદ્ધપુષ્ટિ ભક્તોકુ અછુતો પ્રકાર મુજબ અનન્ય ભક્તિસું ઘરકી રીત મુજબ ચલવેકી આજ્ઞા કીયે. ૯૫